**ગાંધીનગર તાપમાન**

મહત્તમ : ૪૦.૨ ડીગ્રી
લઘુતમ : ૨૮.૬ ડીગ્રી
ભેજ
સવારે ૭૩ ટકા ● સાંજે ૩૪ ટકા

# સેકટર-૨૧ ખાતે મળતું ગરમરનું અથાણું



## ગરમરનું અથાણું સૌરાષ્ટ્રમાં વખણાય છે અને સ્વાસ્થ્ય માટે પણ લાભદાયી છે : પાટનગરમાં ગરમરનું એક જ સ્થળે વેચાણ થઈ રહ્યું છે

ગાંધીનગર, તા.૨૯

શહેરમાં અથાણાં બનાવવાની સિઝન ચાલી રહી છે. બજારોમાં અથાણાંની કેરી, ગુંદાના અથાણ માટે ગુંદા, મરચા ને આથેલા કરવા માટેના મરચાં, કેરડા વિગેરેનું ભરપૂર વેચાણ શરૂ છે. શાક માર્કેટમાં કેરીના અથાણાં માટે કેરીના ટુકડા કરાવવા માટેની લાઈનો જોવા મળી રહી છે. આમ વિવિધ પ્રકારના અથાણાંઓ વિશે તો તમે જાણતા જ હશો પરંતુ આ અથાણાં વિશે કદાચ ખ્યાલ નહીં જ હોય જેનું નામ છે ગરમરનું અથાણું.

ગાંધીનગરમાં સેકટર-૨૧માં દુકાન નંબર ૧૪માં સુનિલભાઈ દ્વારા ગરમરનું અથાણું તૈયાર કરવામાં આવી રહ્યું છે. આ અથાણા વિશે સૌરાષ્ટ્રમાં જઈએ તો બચ્ચાં બચ્ચાં જાણતા હશે આ ગરમરના અથાણાં વિશે પરંતુ ગાંધીનગરમાં ગરમર વિશે ખૂબ ઓછા જાણકારી ધરાવતા હશે.

શહેરમાં સેકટર-૨૧માં દુકાન નંબર ૧૪માં અથાણાંનું વેચાણ કરવામાં આવી રહ્યું છે. જેમાં કેરી, ગુંદા, કેરડા, છૂંદા ઉપરાંત વિશેષમાં ગરમરનું સ્વાદિષ્ટ અથાણું બનાવવામાં આવી રહ્યું છે. જે અથાણાંથી તદ્દન અલગ છે. આરોગ્યની દ્દષ્ટિએ જોઈએ તો લોહી શુધ્ધિથી લઈને અનેક ગુણોથી ભરપુર છે. સ્વાદે ભાવે એવું અને જમવામાં જામે એવું છે આ ગરમરનું અથાણું, ગરમરના અથાણાંને એક વર્ષ સુધી સ્ટોર કરી શકાય છે. ગરમરની ગાંઠોમાંથી ગરમરનું અથાણું તૈયાર કરવામાં આવે છે. ગરમરની ગાંઠોને છોલીને તેના ટુકડા કરીને લીંબુવાળા પાણીમાં પલાળી રાખવામાં આવે છે ત્યારબાદ ગરમરના ટુકડાનો હળદર-મીઠાંવાળા કરીને આઠ-દસ કલાક સુધી સંગ્રહ કરી રાખવામાં આવે છે. કાચી કેરીનું ખાટું પાણી ઉમેરીને કાચની બોટલમાં ભરીને એક અઠવાડિયા બાદ ખાવામાં આવે છે. જે સ્વાસ્થ્ય માટે ખુબ લાભદાયી છે. અને સૌરાષ્ટ્રમાં સૌથી વધારે ખાવામાં આવે છે અને ગાંધીનગરમાં એક જ સ્થળે તેનું વેચાણ કરવામાં આવી રહ્યું છે.



સ્વામી વિવેકાનંદ યુવક મંડળ અને નહેરુ યુવા કેન્દ્રે મંત્રી અનુરાગ ઠાકુરને ગુજરાતમાં આવકાર્યા હતા અને મંત્રાલય દ્વારા રાજ્યમાં થઈ રહેલા કાર્યોની જાણકારી આપી હતી.

# નીફટ ગાંધીનગરના સ્નાતકો માટે "શોકેસ-૨૦૨૨" યોજાયું





ગાંધીનગર, તા. ૨૯

ગાંધીનગર ખાતેની નેશનલ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ફેશન ટેક્નોલોજીમાં ગ્રેજ્યુએશનના વિદ્યાર્થીઓ માટે શનિવારે કેમ્પસમાં શોકેસ-૨૦૨૨નું પ્રદર્શન યોજાયું હતું. આ પ્રસંગે આર્બિટ્રેશનના અને ગુજરાત ગાર્મેન્ટ મેન્યુફેક્ચરર એસોસિએશનના ખજાનચી ચેરમેન અર્પણ શાહ ઉપસ્થિત રહ્યા હતા જેમનું નીફટના ડાયરેક્ટર પ્રો.ડો.સમીર સૂદે સ્વાગત કર્યું હતું. ડો.સૂદે કહ્યું હતું કે "આ એક શાનદાર શો છે, તેના માટે જરૂરી ઈકોસિસ્ટમ બનાવવા માટે તેમના સર્વશ્રેષ્ઠ આપવા બદલ પ્રશંસા, વૃદ્ધિ માટે સંસ્થાના વહીવટીતંત્ર, અધ્યાપકો અને સ્ટાફના સભ્યોને અભિનંદન છે." આ સાથ તેમણે વિદ્યાર્થીઓને "કપડામાં પરિવર્તન લાવવા ફેશનના મહત્વ પર પ્રકાશ પાડવા સાથે મેન્યુફેક્ચરિંગ સેક્ટરમાં માંગમાં વધારો થવાનો માર્ગ મોકળો બનવા જરૂરી માર્ગદર્શન આપતું પ્રોત્સાહન આપ્યું હતું." આ પ્રસંગે ડૉ. સૂદે રોગચાળાના અણધાર્યા સમયમાં વિદ્યાર્થીઓના સમર્પણની પ્રશંસા કરતાં કહ્યું હતું કે "કોવિડ દરમિયાન, તમારા દ્વારા સ્વીકારવામાં આવેલી નવી શીખવાની કુશળતા દ્રઢતા, પાત્ર અને કોઈપણ પડકારમાં વિશ્વનો સામનો કરવા માટે તૈયાર સફળ સ્નાતકો તરીકે તમારી પાસે ઉભરી આવવાની ક્ષમતા છે".

# શ્રી સમસ્ત બ્રહ્મ સમાજ ધોળેશ્વર શાખાના ઉપક્રમે સ્નેહમિલન યોજાયું





ગાંધીનગર, તા.૨૯

શ્રી સમસ્ત બ્રહ્મ સમાજ ગાંધીનગરની ધોળેશ્વર શાખાના ઉપક્રમે ૨૮મે ના રોજ સ્નેહમિલન તથા નો સાંસ્કૃતિક કાર્યક્રમ ધોળેશ્વર ખાતે યોજાયો હતો જેમાં ધોળેશ્વર શાખાના એક હજારથી પણ વધુ બ્રહ્મબંધુઓ જોડાયા હતા.

આ પ્રસંગે ધર્મ સાંસદ અને જાણીતા કથાકાર કનૈયાલાલજી મહારાજ, ગાંધીનગર સમાચારના તંત્રી કૃષ્ણકાંત જહા, સમસ્ત બ્રહ્મ સમાજ ગુજરાતના પિનાકીનભાઈ રાવલ, ગાંધીનગરના બ્રહ્મ સમાજના પ્રમુખ નરેશભાઈ દવે, મહામંત્રી મુકેશભાઈ તેમજ યુવાનો, મહિલાઓ અને બ્રહ્મ અગ્રણીઓ તથા મહાનગરપાલિકાના મેયર હિતેષભાઈ મકવાણા, ડેપ્યુટી મેયર પ્રેમલસિંહ ગોલ, સ્ટેન્ડિંગ ચેરમેન જશવંતભાઈ પટેલ, કોર્પોરેટર પોપટસિંહ ગોહિલ, મહેન્દ્રભાઈ પટેલ, શૈલાબેન ત્રિવેદી, ગૌરાંગભાઈ વ્યાસ અને ગાંધીનગર મહાનગરના ભાજપના પ્રમુખ રુચિર ભટ્ટ, પૂર્વ ગુડાના ચેરમેન આશિષભાઈ દવે, મહામંત્રી ગૌરાંગભાઈ પટેલ, ધર્મેન્દ્રસિંહ વાઘેલા, પૂર્વ સરપંચ અને બિલ્ડર યોગેશભાઈ પટેલ, રાજેન્દ્રસિંહ વાઘેલા, ઉદ્યોગપતિ અને બ્રહ્મઅગ્રણી નિષીથભાઈ વ્યાસ, શહેરના સેક્ટર શાખાના પ્રમુખ, મંત્રીઓ, હોદ્દેદારો હાજર રહ્યા હતા.

આ કાર્યક્રમમાં સુપ્રસિદ્ધ રાજકોટના હાસ્ય કલાકાર મિલનભાઈ ત્રિવેદી, ગાયક કલાકાર રૂચિરભાઈ ત્રિવેદી, દ્રષ્ટિ હાથી અને વિભાબેન ભટ્ટે સંપૂર્ણ કાર્યક્રમનું સંચાલન કરી કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.

ગુજરાત રાજ્ય સંગીત નાટક અકાદમીના આર્થિક સહયોગથી કાર્યક્રમ ખૂબ સફળ રહ્યો હતો. ધોળેશ્વર શાખાના પ્રમુખ ઉદય ભટ્ટ, મહામંત્રી ભાર્ગવ ભટ્ટ, સંગઠક ભાવેશભાઈ વ્યાસ, મિતુલભાઈ જોશી તથા શાખાના તમામ હોદ્દેદારોએ અને સમાજના અગ્રણીઓએ ખૂબ જહેમત ઉઠાવી હતી.



ગટર પાઈપ લાઈન નંખાઈ ગયા બાદ નિવાસીજનો પાણી છાંટીને માટીના ઢગલાનું પુરાણ થોડું મજબુત બને તેમજ ભવિષ્યમાં નડે નહીં તે માટે સેવા કરી રહેલ છે. પાણી વિના થયેલ પુરાણ નડશે, તેથી "સબકા સાથ સબકા પ્રયાસ" ના ધોરણે "જાત મહેનત ઝીંદાબાદ" વિકલ્પ અપનાવ્યો! જો કે તેમ છતાં આગામી દિવસોમાં નડતર વધશે કે કેમ તેની ખબર નથી. માર્ગ સારો બને એવી ભાવના સેવી રહ્યા છે.

## જન્મદિને વધામણી



**નિકુંજકુમાર પી પટેલ**
મારૂતિ મંડપ ડેકોરેટર્સ
મો. ૯૭૧૪૫ ૯૧૬૦૧



**કેતુલ એચ. પટેલ**
મો. ૯૫૫૮૫ ૮૬૧૫૮



**ઠાકોર હિનલ બાબુજી**

## ચિરવિદાય

● મુક્તિધામ ●

- સ્વ. બિહોલા મફાજી બળદેવજી, ઉ.વ. ૬૦, લિમ્બોદરા, માણસા
- સ્વ. પટેલ શકરીબેન નારણભાઈ, ઉ.વ. ૭૯, દેલવાડ, માણસા
- સ્વ. સોની રોહિતકુમાર ગણપતલાલ, ઉ.વ. ૬૧, સેક્ટર-૨૨
- સ્વ. કુચારા દાનીબેન બાલાભાઈ, ઉ.વ. ૮૮, સેક્ટર-૧૩

# શહેરના સ્થાપના કાળ સાથે વિકસવાયેલા સેક્ટર-૨૮માં આજે પણ અપાર સમસ્યાઓ..!!

## સે-૨૮માં જૂના જર્જરિત સરકારી આવસોના અટકી પડેલા રિનોવેશનને કારણે અસમાજિક તત્વોને છૂટો દોર મળ્યો : જાહેર સાફસફાઈમાં બેદરકારી સાથે રખડતા ઢોરની સમસ્યા : વિકાસ કાર્યોમાં અપૂરતા માટી પુરાણ જેવી લાલિયાવાડી સાથે વૃક્ષોના યોગ્ય ટ્રીમિંગના અભાવની પણ રાવ





ગાંધીનગર, તા.૨૯

ગાંધીનગરના સ્થાપના કાળની સમાંતર જે સેક્ટરનો જન્મ થયો છે તેવા સેક્ટરોમાંનું એક સેક્ટર છે સેક્ટર-૨૮. પેલી જુની કહેવત 'જૂનું એટલું સોનું' અનુસાર જોઈએ તો આ સેક્ટરમાં અનેક એવા સ્થળો છે જે વર્ષોથી શહેરના મહત્વના સ્થળોમાં સ્થાન પામી રહ્યાં છે જેમાં સૌપ્રથમ બહારગામથી આવતાં સહેલાણીઓ માટે 'સેક્ટર-૨૮નો બગીચો' તરીકે સુપ્રસિદ્ધ 'બાલોદ્યાન'. આ ઉપરાંત અહી બ્રહ્માકુમારીઝ ઈશ્વરીય વિશ્વવિદ્યાલયનું કેન્દ્ર, સ્વાધ્યાય પરિવારનું પ્રાર્થના મંદિર, દત્ત મંદિર, બે સરકારી પ્રાથમિક શાળાઓ, આરાધના વિદ્યાવિહાર, વસંતકુંવરબા વિદ્યાલય, રંગમંચ, જીમખાનું જે હાલમાં લગ્નવાડી તરીકે વપરાય છે, સમર્પણ મૂકબધિર શાળા, લોકલ ક્રાઈમ બ્રાન્ચની કચેરી અને શહેરની સહિત અનેક નાની મોટી સંસ્થાઓ, મંદિર સહિત જી.આઈ.ડી.સી.નો વિસ્તાર પણ સેક્ટર-૨૮ જીઆઈડીસી તરીકે ઓળખાય છે. આ સાથે ખુલ્લાં મેદાનો ધરાવતાં સેક્ટર-૨૮ની હાલની હાલત જોઈએ તો તેની સાથે ઓરમાયું વર્તન કરવામાં આવી રહ્યું હોય તેવું સેક્ટરવાસીઓને અનુભવાઈ રહ્યું છે તેના મૂળમાં સેકટરમાં કેટલીક પ્રાથમિક સુવિધાઓ પ્રત્યે તંત્ર દ્વારા ઉદાસીનતા સેવવામાં આવી રહી હોવાનું સેક્ટરના રહેવાસીઓ જણાવી રહ્યાં છે.

સે-૨૮ના વસાહત મંડળ સાથે સંકળાયેલા અહીંના અગ્રણી વસાહતી દિનેશસિંહ ચાવડાના જણાવ્યાં અનુસાર 'સેક્ટરના મુખ્ય શોપિંગ સેન્ટર સામેના બગીચામાં લાંબા સમયથી માટીના ઢગ ખડકાયેલાં પડ્યાં છે. બાલોદ્યાનનું નવીનીકરણ પણ લાંબા સમયથી ચાલી રહ્યું છે અને તેમાં રાજયકક્ષાના બગીચા અનુસાર સ્વચ્છતાનો અભાવ છે, તેના બોટિંગ માટે જાણીતા તળાવમાં ગંદકી છે, ઘણી રાઈડ્સ બંધ છે અને તેમાં સમયાનુસાર હોવી જોઈએ તેવી સુવિધાઓ પણ જોવા મળતી નથી. સેકટરમાં રોડ સેઈડના વૃક્ષોમાં સમયસર ટ્રીમીંગ થતું નથી, કેટલેક ઠેકાણે તો ફૂટપાથ પર વ્યક્તિ ચાલી ના શકે તેવી હાલત છે. અત્યારે સેક્ટરની લગ્નવાડીનો તંત્ર દ્વારા શેલ્ટર હોમ તરીકે ઉપયોગ કરાઈ રહ્યો છે પરંતુ તે અસ્વચ્છતાનું ઘર બનીને રહી ગયું છે. સેકટરમાં પાણીની પાઈપલાઈનનું કામ ચાલુ છે પરંતુ જ્યાં રોડ ખોદીને પાઈપલાઈન નાખી છે ત્યાં માટીનું પુરાણ પણ પૂરતું કરતું નથી તેમજ તેના પર ડામરનું લેયર કરાયું નથી જેના કારણે ખાડો પણ રહે છે અને આગામી ચોમાસામાં ભુવા પાડવાની શક્યતાઓ છે. સેકટરમાં મુખ્ય રોડ-રસ્તા સિવાય આંતરિક ખુલ્લી જગ્યાઓ પણ જાહેર સાફ-સફાઈ બાબતે પણ ભારે બેદરકારી જોવા મળે છે.'

સેક્ટર-૨૮ના જૂના વસાહતી અને અગ્રણી યુવરાજસિંહ વાઘેલાના જણાવ્યાં અનુસાર "સેકટરના સરકારી આવાસોને તોડીને ત્યાં નવા હાઈરાઈઝ આવાસોના નિર્માણનો નિર્ણય પૂર્વ મુખ્યમંત્રી આનણદીબેન પટેલની સરકારવખતે લેવાઈ ગયો હતો અને તે મુજબ આવાસો ખાલી પણ કરવી દેવાયા પરંતુ સરકાર બદલાયા પછી નવા આવસોના નિર્માણનું કાર્ય રઝળી રહ્યું છે. હવે આ ખાલી આવસોના બારી-બારણાં સુદ્ધાં ચોરાઈ ગયા અને ખંડેર બનેલા આવાસોમાં અસમાજિક તત્વોના અડ્ડા જામે છે. બરાબર બાલોદ્યાનની બાજુમાં હોવાથી તેનો ભરપૂર દુરુપયોગ થઈ રહ્યો છે જે અટકે તે જરૂરી છે. ઘ-રોડ પરથી સેકટરમાં પ્રવેશવા માત્ર બાલોદ્યાન પાસેના રસ્તાનો વિકલ્પ છે જ્યાં ચીપ ટાઈપ શોપિંગ પણ બનાવાયું છે પરંતુ પાર્કિંગની જગ્યા ના હોવાથી સહેલાણીઓના વાહનો સહિત હંગામી દબાણોના કારણે વસાહતીઓને રોજીંદી અવરજવરમાં ખૂબ મુશ્કેલી પડે છે. વાહન પાર્કિંગનો પ્રશ્ન એલસીબી કચેરી પાસે પણ નડી રહ્યો છે. આશ્ચર્યજનક રીતે સેક્ટરના મુખ્ય શોપિંગ સેંટરમાં તમામ દુકાનો માત્ર કરિયાણાની જ છે જેના લીધે દવાઓ સહિત અન્ય ચીજવસ્તુઓ કે સેવાઓ માટે દૂર સુધી લાંબા થવું પડે છે."







●●●

"સેક્ટરમાં રોડ સાઈડના વૃક્ષોમાં સમયસર ટ્રીમીંગ થતું નથી, કેટલેક ઠેકાણે તો ફૂટપાથ પર વ્યક્તિ ચાલી ના શકે તેવી હાલત છે. અત્યારે સેક્ટરની લગ્નવાડીનો તંત્ર દ્વારા શેલ્ટર હોમ તરીકે ઉપયોગ કરાઈ રહ્યો છે પરંતુ તે અસ્વચ્છતાનું ઘર બનીને રહી ગયું છે. સેકટરમાં પાણીની પાઈપલાઈનનું કામ ચાલુ છે પરંતુ જ્યાં રોડ ખોદીને પાઈપલાઈન નાખી છે ત્યાં અપૂરતા માટી પુરાણ પર ડામરનું લેયર કરાયું નથી જેના કારણે ખાડો પણ રહે છે અને આગામી ચોમાસામાં ભુવા પાડવાની શક્યતાઓ છે. સેકટરમાં મુખ્ય રોડ-રસ્તા સિવાય આંતરિક ખુલ્લી જગ્યાઓ પણ જાહેર સાફ-સફાઈ બાબતે પણ ભારે બેદરકારી જોવા મળે છે આ બાબતે મનપાની વહીવટી સાથે ચૂંટાયેલી પાંખની નિષ્ક્રિયતા જવાબદાર છે. અહી ખંડેર સરકારી આવાસોનું રિનોવેશન ઝડપી કરવા સાથે પ્રોપર્ટી કાર્ડ જેવા પેન્ડિંગ પ્રશ્નો પણ સત્વરે ઉકેલવાની તાતી જરૂર છે."

**- દિનેશસિંહ ચાવડા**
**પ્રમુખ, સે.૨૮ વસાહત મંડળ**

●●●

"સેક્ટરના સરકારી આવાસોને તોડીને ત્યાં નવા હાઈરાઈઝ આવાસોના નિર્માણનો નિર્ણય પૂર્વ મુખ્યમંત્રી આનંદીબેન પટેલની સરકાર વખતે લેવાઈ ગયો હતો અને તે મુજબ આવાસો ખાલી પણ કરવી દેવાયા પરંતુ સરકાર બદલાયા પછી નવા આવસોના નિર્માણનું કાર્ય રઝળી રહ્યું છે. હવે આ ખંડેર બનેલા આવાસોમાં અસમાજિક તત્વોના અડ્ડા જામે છે. બરાબર બાલોદ્યાનની બાજુમાં હોવાથી તેનો ભરપૂર દુરુપયોગ થઈ રહ્યો છે જે અટકે તે જરૂરી છે. બાલોદ્યાન પાસેના ચીપ ટાઈપ શોપિંગ સેન્ટર છે પણ પાર્કિંગની જગ્યા ના હોવાથી સહેલાણીઓના વાહનો સહિત હંગામી દબાણોના કારણે વસાહતીઓને રોજીંદી અવરજવરમાં ખૂબ મુશ્કેલી પડે છે. સેક્ટરના મુખ્ય શોપિંગ સેંટરમાં તમામ દુકાનો માત્ર કરિયાણાની જ છે જેના લીધે દવાઓ સહિત અન્ય ચીજવસ્તુઓ કે સેવાઓ માટે દૂર સુધી લાંબા થવું પડે છે."

**- યુવરાજસિંહ વાઘેલા**
**અગ્રણી વસાહતી, કોલવડાનગર સોસાયટી, સે.૨૮**

●●●

"સેક્ટર-૨૮ ખાતે કોર્પોરેશન દ્વારા કચરાની ગાડીઓ માટેનું નિવાસ સ્થાન બનાવીને સેક્ટરના રહેવાસીઓ માટે નવી મુશ્કેલીનું નિર્માણ કરેલ છે. સેક્ટર-૨૮માં રહેવાસીઓ ઓછાં થતાં અને કદાચ સંગઠન શક્તિનો અભાવ હોવાથી ગંધ ફેલાવતા આવા નિર્માણ કાર્ય પણ સેક્ટર-૨૮માં જ બનાવવામાં આવી રહ્યાં છે અને ભવિષ્યમાં પણ જો આ અંગે વસાહતી ઓ ગંભીર નહીં થાય તો આનાથી વધારે ગંદકી ફેલાવતા એકમો પણ સેક્ટર-૨૮ના ભાગમાં આવે તો નવાઈ નહીં."

**- પાર્થ ઠક્કર,**
**સે-૨૮ના અગ્રણી વસાહતી અને જાણીતા પત્રકાર**





સેક્ટરમાં રહેતા અખબારના તંત્રી-પત્રકાર પાર્થ ઠક્કર જણાવે છે કે "હાલમાં લગ્નવાડી તરીકે વપરાશમાં લેવાય છે તે લગ્ન વાડી જીમખાના તરીકે ફાળવવામાં આવી હતી પરંતુ શહેરના રંગમંચોની દયનીય સ્થિતિ અને લગ્નવાડીના અભાવને લીધે જે તે સમયે તેને જીમખાનાને લગ્નવાડી તરીકે કાર્યરત કરી દેવાયું પરંતુ હાલમાં શહેરના રંગમંચો ખૂબ જ અદ્યતન રીતે તૈયાર કરાયાં હોવાથી લગ્ન સહિત શુભપ્રસંગો માટે અનેક જગ્યાઓ ઉપલબ્ધ છે તો આ લગ્નવાડીને પણ જીમખાનામાં પરિવર્તિત કરવામાં આવે તો સેક્ટર-૨૮ની રોનક પરત આવી શકે તેમ છે. સેક્ટર-૨૮ ખાતે કોર્પોરેશન દ્વારા કચરાની ગાડીઓ માટેનું નિવાસ સ્થાન બનાવ્યું હોવાથી રહીશોને દુર્ગંધયુક્ત માહોલ સહન કરવો પડી રહો છે." સે.૨૮ના વધુ એક અગ્રણી વસાહતી અજીતસિંહ રાણાએ કહ્યું કે "સેકટરમાં રખડતા ઢોર અને ગંદકીનો પ્રશ્ન છે, પાણીનો ફોર્સ પૂરતા પ્રમાણમા નથી આવતો તેમજ જૂના જર્જરિત સરકારી આવસોમાં પાણીની પાઈપો ચોરાઇ ગઈ છે પરંતુ પાણીના કનેક્શન હજુ ચાલુ છે જેના કારણે પાણી આવે તે સમયે અઢળક પાણીનો વ્યય થાય છે." આમ સેક્ટર-૨૮ શહેરની પ્રારંભ કાળમાં વિકાસવાયું હોવા છતાં હજુ પણ અનેક સમસ્યાઓથી ઘેરાયેલું છે.

-પ્રતિભાવો આવકાર્ય:
smirtalod@gmail.com